**રાષ્ટ્રીય અને રાજ્ય ધોરી માર્ગો ઉપર**
**હાટ સ્થાપવાની હાઇ-વે-હાટની યોજના**

**ગુજરાત રાજ્ય**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ,**
**ઠરાવ ક્રમાંકઃ આઇએનસી-૧૦-૨૦૦૧-૩૦૯૦-ખ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા.** 20 JUL 2002

**વંચાણે લીધા :-**

(૧) ગ્રામ વિકાસ આયુક્ત શ્રીનો તા.૧૫-૬-૯૯નો પત્ર ક્રમાંકઃ સીઆરડી-જીજીવાય-રીવ્યુ મીટીંગ મે-૯૯ અને તે સાથેની મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં તા.૨૫-૫-૯૯ના રોજ ગોકુળ ગ્રામ યોજનાની યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ.

(૨) ઇન્ડેક્ષ્ટ-સીનો તા.૨૩-૧૦-૨૦૦૧નો પત્ર ક્રમાંકઃ ઇન્ડેક્ષ્ટ-સી-૧૦૬-૫૪૧-૦૧.

(૩) કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગનો તા.૨૬-૧૧-૨૦૦૧નો પત્ર જાવક નં-હકલ-ધોરીમાર્ગ-૧૧૧૫-૭-૧૦૧૨.

(૪) ઇન્ડેક્ષ્ટ-સીનો તા.૧૩-૫-૨૦૦૨નો પત્ર ક્રમાંકઃ ઇન્ડેક્ષ્ટ-સી-૧૦૬-૧૨૫-૦૨.

## ઠરાવ

કુટીર ઉદ્યોગ/હસ્તકલાના ક્ષેત્રના કારીગરોને પ્રોત્સાહન આપવા તથા કારીગરોને તેમના માલના વેચાણ માટેની સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી રાષ્ટ્રીય અને રાજ્યના ધોરીમાર્ગો ઉપર હાટ સ્થાપવાની યોજના અમલમાં મૂકવાની તેમજ ઇન્ડેક્ષ્ટ-સી અને કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ ઉપર ઉલ્લેખિત પત્રોથી આ યોજનાના મુસદ્દો સરકારશ્રીની મંજૂરી માટે રજુ કરાયેલ જે બાબત આ વિભાગની વિચારણા હેઠળ હતી.

કાળજી પૂર્વકની વિચારણાને અંતે રાષ્ટ્રીય અને રાજ્યના ધોરીમાર્ગો ઉપર હાઇ-વે હાટ સ્થાપવાની આ સાથેના પરિશિષ્ટ મુજબની યોજના અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ યોજના હેઠળ બાંધવાના થતાં હાટ અંગે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે.

૩. ચાલુ વર્ષે આણંદ જીલ્લામાં આવેલ ધર્મજ ખાતે જલારામ મંદિરની બાજુમાં શ્રી જલારામ સત્સંગ સેવા મંડળ ટ્રસ્ટ, ધર્મજની માલીકીની જમીન પર રૂ.૨૦/- લાખના ખર્ચે હાટ બાંધવાની ઇન્ડેક્ષ્ટ-સીની દરખાસ્તને આથી નીચેની શરતે મંજૂરી આપવામાં આવે છે.

(૧) શ્રી જલારામ સત્સંગ સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા હાટના બાંધકામ અંગે જે જમીન વિના મૂલ્યે આપવામાં આવનાર છે. તેની માલીકી સરકારની એટલે કે કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની રહેશે. તે અંગે ટ્રસ્ટ પાસેથી જરૂરી હોય તે મુજબનું કાયદેસરનું લખાણ મેળવી લેવાનું રહેશે.

(૨) જમીન અને તે ઉપર બનાવવામં આવનાર હાટની સંપૂર્ણ માલીકી રાજ્ય સરકારની રહેશે. આ અંગે ટ્રસ્ટ પાસેથી લેખિતમાં સ્ટેમ્પ પેપર ઉપર બાહેંધરી/સંમતિ મેળવી લેવાની રહેશે.

(૩) હાટનું બાંધકામ થયા પછી તેનું સંચાલન સ્વૈચ્છિક સંસ્થા દ્વારા એટલે કે શ્રી જલારામ સત્સંગ સેવા મંડપ ટ્રસ્ટ દ્વારા કરવાનું રહેશે. હાટના સંચાલન અંગે સરકાર તરફથી કોઇપણ જાતનો ખર્ચ આપવામાં આવશે નહીં.

(૪) વિપરિત સંજોગોને કારણે જો ભવિષ્યમાં આ હાટ ચાલે નહીં તો તેવા પ્રસંગે સરકારે કરેલ ખર્ચ સંપૂર્ણપણે પરત મળી રહે તે માટે પૂરતા બાહેંધરી/કાયદેસરનું લખાણ ટ્રસ્ટ અને કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ વચ્ચે થાય તેવી તકેદારી રાખવાની રહેશે.

૪. આ અંગેનો ખર્ચ

| | | |
|---|---|---|
| માંગણી નંબર | : | ૪૯ (જનરલ પ્લાન) |
| ૨૮૫૧ | : | ગ્રામ્ય અને લઘુઉદ્યોગ |
| ૮૦૦ | : | અન્ય ખર્ચ |

(૧૦) આઇ.એન.ડી.-૩૩ શિલ્પગ્રામ અને અર્બનહાટ કો.કોડ નં.૨૮૫૧૦૦૮૦૦૧૯૦. હેઠળ ઉધારવાનો રહેશે અને જે તે વર્ષની મંજૂર થયેલ **ગ્રાન્ટમાંથી** મેળવવાનો રહેશે.

૫. ચાલુ વર્ષે ૦૨-૦૩માં આ યોજના હેઠળ રૂ.૫૦/- લાખની જોગવાઇ કરવામાં આવી છે, તે પૈકી રૂ.૨૦/૦૦ લાખની ગ્રાન્ટનો ખર્ચકરવાની કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગને મંજૂરી આપવામાં આવે છે. વિભાગની બજેટ શાખાએ છૂટી કરેલ ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૬. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૩૦-૬-૨૦૦૨ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

બિડાણ :- પરિશિષ્ટ

**(મીના ભટ્ટ)**
**સંયુકત સચિવ**
*ઉદ્યોગ અને ખાણ વિભાગ*

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી,
- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી
- માન. રા.ક. મંત્રીશ્રી (કુ.ઉ.)ના અંગત સચિવશ્રી,
- માન. મુખ્યદંડકશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ઉ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) ના વિ., સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, (ઉ), ઉદ્યોગભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી (ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર
- માહિતી કમિશ્નરશ્રી, ગુજરત રાજય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, ગ્રામ વિકાસ એજન્સી, જૂના સચિવાલય, ગાંધીનગર/વિભાગ હસ્તકના સર્વે બોર્ડ/નિગમો, ઉદ્યોગભવન, ગાંધીનગર/એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરત રાજય, ગાંધીનગર, રાજકોટ/પસંદગી ફાઇલ.
- વિભાગની સર્વે શાખાઓ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ

# પરિશિષ્ટ

# હાઇ-વે-હાટ

***રાષ્ટ્રીય અને રાજયના ધોરી માર્ગો ઉપર હાટ સ્થાપવાની હાઇ-વે-હાટ-યોજના.***

## પૂર્વભૂમિકા :-

તા.૨૫-૫-૯૯ના રોજ મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં મળેલ મીટીંગમાં નકકી થયા મુજબ રાજયના રાષ્ટ્રીય અને રાજય ધોરી માર્ગો ઉપર રોકાણના સ્થળોએ વેચાણના ડેપો શરૂ કરવાની જરૂરીયાત જણાવી તેમાં રાજયના ગ્રામ્ય કારીગરોને વેચાણની તક પૂરી પાડવી અને આ કામ કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી મારફત કરાવવું તેવું નકકી થયેલ, તદ્દાનુસાર નીચે મુજબની વિગતે હાઇ-વે-હાટની યોજના તૈયાર કરવામાં આવેલ છે.

## યોજનાનું નામ અને વિગત :-

આ યોજનાનું નામ હાઇ-વે-હાટ યોજના રહેશે. આ યોજનામાં રાજયભરના હસ્તકલાના કારીગરો/જરૂર જણાયે ભારતભરના હસ્તકલાના કારીગરો વારાફરતી નિયત સમયગાળા માટે પોતાની હસ્તકલાની વિવિધ કલા-કૃતિઓનું સીધું વેચાણ મુલાકાતીઓને/ મુસાફરોને કરશે. તેઓ પોતાની કલાનું નિદર્શન-સહ-ઉત્પાદન કરશે. પ્રત્યેક રજીસ્ટ્રેશન ધરાવનાર કારીગરો ૧૫ દિવસ સુધી પોતાના માલનું વેચાણ કરી શકશે. હાટના સ્થળે કારીગરો માટે કામચલાઉ રહેવાની તથા શૌચાલયની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે.

## હેતુ :-

રાજયના ગ્રામ્ય કારીગરોને સીધા બજારની સુવિધા મળી રહે તે માટે તેઓ દ્વારા ઉત્પાદીત માલનું તેઓ દ્વારા સીધુ વેચાણ કરવામાં આવશે. જેનાથી તેઓના માલનો નિકાલ થશે. તેઓને સારા ભાવ મળશે, બજારની રૂખ જાણવા મળશે, વચેટીયાઓ દૂર થશે અને કારીગરો

આર્થિક રીતે પગભર થશે. આમ, થતાં કારીગરોનું શોષણ થતું બંધ થશે. રાજયની ગ્રામ્ય કલાકારીગરીના વારસાનું જતન થશે અને ગ્રામ્ય કારીગરોની રોજગારીમાં વધારો થશે.

### સ્થળ-વિસ્તાર :-

રાજયના મુખ્ય ધોરી માર્ગો પર આવેલ મહત્વના, મોખરાના અને વેચાણની અવકાશવાળાં સ્થળો જેવાં કે મુખ્ય ચાર રસ્તાઓ, પેટ્રોલ પંપો, હોટલો, મંદિરો કે પુલો જયાં સતત વાહનોની તથા લોકોની અવર-જવર રહેતી હોય તેમજ તેઓનું રોકાણ રહેતું હોય તેવા સ્થળોએ હાટ સ્થાપવામાં આવશે. હાટનો ઓછામાં ઓછો વિસ્તાર ૮૦૦૦ ચો.ફુટ જેટલો જમીનમાં ધોરીમાર્ગ ટચ પથરાયેલો હશે. એટલેકે એકજ સ્થળે એકજ જથ્થે ૧૦૦' x ૮૦'નો ૮૦૦૦ ચો.ફુટનો પ્લોટ હોવો જોઇએ. પ્લોટની જમીનની ૪૦ ટકા જગ્યામાં બાંધકામ કરવામાં આવશે. હાટ માટે જમીન જે સ્થળના ગામના ટ્રસ્ટ કે ગામની બીનસરકારી સેવાભાવી સંસ્થા તરફથી વિનામૂલ્યે પૂરી પાડવામાં આવે અને તે જગ્યા વાપરવા દેવાનો કરાર ઉપરાંત હાટ માટે આવકના સ્તોત્રો ઉભાં કરવાની તથા સંચાલિત કરવાની જવાબદારી સ્વીકાર્ય સાથેનો રૂા.૨૦/૦૦ના સ્ટેમ્પપેપર ઉપર કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગ, ગુજરાત રાજય, ગાંધીનગર સાથે કરવામાં આવેત્યાં હાટની સ્થાપના કરવામાં આવશે. જમીનની માલિકી અંગે ૭/૧૨ના છેલ્લા પાંચ વર્ષના ઉતારા, ટાઇટલ કલીયર હોવાનું પ્રમાણપત્ર તેમજ છેલ્લા બે વર્ષના ઓડીટ થયેલા વાર્ષિક અહેવાલની નકલ બીડવાની રહેશે. રાજય સરકાર બાંધકામ માટે એકજ વખત શરૂઆતમાં મૂડી ખર્ચ પૂરૂ પાડશે.

### હાટનું બાંધકામ અને ડિઝાઇનની વિગત :-

સામાન્યત: હાટનો વિસ્તાર સાર્વજનિક વિશ્રામ અને વિહાર સ્થાન તરીકે વિકસાવાનો રહેશે. હાટમાં કારીગરોના માલના વેચાણ માટે ઓછામાં ઓછી ૧૦'x૧૦' ની ૧૦ દુકાનો જેમાં ૨-હેન્ડલુમ, ૨-હેન્ડીક્રાફટ, ખાદી અને ગ્રામોધોગ-૧, માટીકામ-૧, લેધર નાળીયેરી બનાવટ-૧ મૂર્તિઓ મારબલ-૧, મોતીકામ-જવેલરી-૧, વાંસકામ સુશોભન માટે-૧નો સમાવેશ કરવાનો રહેશે.

ઓછામાં ઓછા ખાણી-પીણી માટે ચા-નાસ્તાના, જમવાના તથા ફળ ફળાદીના ૧૨'x૮' ના ત્રણ તથા ૮'x૮'ના ત્રણ જેમાં રહા-પાન-૧, ઠંડા પીણા-૧, ડ્રાયફ્રુટ-૧, ગ્રીનફ્રુટ-૧, નાસ્તા માટે-૧, જમવા માટેની કેન્ટીન-૧ તેમજ અન્ય ત્રણ રૂમ ૮'x૮'ના જેમાં પાણી, ટાયર-ટ્યુબ પંચર-ઓટો રીપેર તથા એસટીડી-પીસીઓનો સમાવેશ કરવાનો રહેશે. કારીગરોને રહેવા માટે ૨૦'x૧૫' ની બાથરૂમ-શૌચાલયની સુવિધાવાળી ડોર મેટરી નંગ-૨, વહીવટી સંચાલન માટે ટોઇલેટ, બાથરૂમની સુવિધાવાળો ૧૨'x૮'નો રૂમ નંગ-૧, રીટાયરીંગ તથા સ્ટોરની વ્યવસ્થા સાથેનો તથા સોવીનચર શોપ ૧૨'x૮'ની તેમજ મુલાકાતીઓ માટે ત્રણ શૌચાલય બહેનો માટે અને ત્રણ શૌચાલય ભાઇઓ માટે અલગ બનાવવામાં આવશે. આ ઉપરાંત સ્ટોર-ઇલેક્ટ્રીક-ઓવરહેડ ટાંકી-પાણીના બોરની જોગવાઇ રાખવામાં આવશે. ગાર્ડન-ફુવારો, પાર્કીંગ માટે ખૂલ્લી જગ્યાની જોગવાઇ રાખવામાં આવશે.

હાટના બાંધકામ માટે સર્વાંગી માર્ગદર્શન અને દેખરેખ માટે નીચે દર્શાવ્યા મુજબની બિલ્ડીંગ કમીટીની રચના કરાવામાં આવશે.

**(૭)** સચિવશ્રી (કુટીર ઉદ્યોગ), ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**(૮)** નાણાંકિય સલાહકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**(૯)** કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજય, ગાંધીનગરના પ્રતિનિધિ

**(૧૦)** કાર્યવાહક નિયામક, ઇન્ડેક્ષ્ટ-સી, ગાંધીનગર

**(૧૧)** આર્કિટેકટ/એન્જીનીયર/ડિઝાઇનર સરકારશ્રી સાથેના પરામર્શમાં ઇન્ડેક્ષ્ટ-સી નકકી કરે તે.

**(૧૨)** **(૭)** સંસ્થા/ટ્રસ્ટના પ્રતિનિધિ

**(૮)** મુખ્ય નગર નિયોજક, ગાંધીનગર

બિલ્ડીંગ કમિટિએ હાઇ-વે-હાટના બાંધકામ સંદર્ભમાં સલાહ/સૂચન અને માર્ગદર્શન પૂરૂં પાડવાનું રહેશે. તદઉપરાંત બાંધકામની પ્રગતિ ઉપર દેખરેખ રાખવાની રહેશે. હાઇ-વે-હાટના બાંધકામ માટે અન્ય આનુષાંગિક બાબતોની વિચારણા પણ કમિટિ કરશે.

## યોજનાનો અંદાજીત ખર્ચ :-

હાટ સ્થાપવા માટેનું અંદાજીત ખર્ચ રૂ.૨૦.૦૦ લાખ નીચેની વિગતે સૂચવવામાં આવે છે.

| ક્રમ | વિગત | સૂચિત અંદાજીત ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | જમીન સમથળ કરવા સાથે સ્થળનો વિકાસ, કમ્પાઉન્ડવોલ તથા વૃક્ષારોપણ સાથે | ૨.૦૦ |
| ૨ | ૧૦'x૧૦' ની ૧૦ દુકાનો, ખાણી-પીણી માટે ચા-નાસ્તાના, જમવાના તથા ફળફળાદીની ૧૨'x૮'ની ત્રણ તથા ૮'x૮'ની ત્રણ દુકાનો તથા અન્ય ૩ રૂમ ૮'x૮'ના, કારીગરોને રહેવા માટે ૨૦'x૧૫' ની શૌચાલયના સુવિધાવાળી (બાથરૂમ/૬'x૪' ટોઇલેટ/૪'x૪' સાથેની)ડોરમેટરી નંગ-૨, વહીવટી સંચાલન માટે ટોઇલેટ ,બાથરૂમની સુવિધા સાથેનો ૧૨'x૮'નો રૂમ નંગ-૧, રીટાયરીંગ તથા સ્ટોરની વ્યવસ્થા સાથેનો, સોવીનીયર શોપ ૧૨'x૮'ની-૧, મુલાકાતીઓ માટે ત્રણ શૌચાલય બહેનો માટે ૪'x૪'નાં, ત્રણ શૌચાલય ભાઇઓ માટે ૪'x૪'ની તથા સ્ટોર-ઇલેકટ્રીક-ઓવરહેડ ટાંકી-પાણીનો બોર વિગેરેનું બાંધકામ સામેલ રાખેલ ટીપીકલ ડિઝાઇન મુજબ, ગાર્ડન-ફુવારો પાર્કીંગ માટે ખુલ્લી જગ્યા. | ૮.૫૦ |
| ૩ | સેનીટરી/પાણી પુરવઠો પુરો પાડવો | ૧.૦૦ |
| ૪ | ઇલેકટ્રીકની આઇટમોનો ખર્ચ | ૧.૫૦ |
| ૫ | ફર્નીચર્સ-ફિક્ચર્સ અને ઓફિસ ઇકવીપમેન્ટસ | ૪.૦૦ |
| ૬ | પ્રાથમિક, પરચુરણ અને વ્યવસ્થાપન ખર્ચ | ૧.૫૦ |
| ૭ | કન્ટીજન્સી ખર્ચ | ૧.૦૦ |
| ૮ | ટેકનીકલ અને કન્સલટનસી ફી | ૦.૫૦ |
| | કુલ ખર્ચ :- | ૨૦.૦૦ |

જો વધુ ખર્ચ થાય તો તે સ્વૈચ્છિક સંસ્થાએ ભોગવવાનો રહેશે.

## આવકના સ્ત્રોત્રો :-

કારીગર દીઠ દૈનિક ઓછામાં ઓછું રૂ.૩૦/-ની મર્યાદામાં ભાડુ તથા ખાણી-પીણી-નાસ્તાના-જમવાના-ફળફળાદી વિગેરે દુકાનોનું દુકાન દીઠ માસિક ભાડુ ઓછામાં ઓછું રૂ.૨૦૦૦/-ની મર્યાદામાં સંચાલન કરનાર ટ્રસ્ટ/ સેવાભાવી સંસ્થા ઉઘરાવી શકશે. પરંતુ તમામ સ્ટોલ માટે (કારીગરોની દુકાન સિવાયના) વાર્ષિક કોન્ટ્રાકટ માટેનાં ટેન્ડર મંગાવી અગર જાહેર હરાજી કરી વધારેમાં વધારે ઓફર આપનારને ફાળવવાની રહેશે. જે રકમ માસિક હપ્તાથી પણ ઉઘરાવી શકાશે.

## હાઈ-વે-હાટ સમિતી :-

હાટ માટે કારીગરોની પસંદગી તેમજ કામગીરીની દેખરેખ માટે સમીતીમાં નીચે મુજબના સભ્યો રહેશે. આ સમિતિ જે કારીગરને પસંદ કરશે. તેને જ દુકાન ભાડે આપી શકાશે.

| | | |
|---|---|---|
| (૧) | કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોધોગ, ગુ.રા., ગાંધીનગર અથવા તેઓના પ્રતિનિધિ | અધ્યક્ષ |
| (૨) | કાર્યવાહક નિયામક, ઇન્ડેક્ષ્ટ-સી | સભ્ય |
| (૩) | સ્થાનિક ટ્રસ્ટ/સ્વૈચ્છીક સંસ્થાના નિયુકત અધિકારી | સભ્ય |
| (૪) | મેનેજર (સબંધીત હાટના) | મેમ્બર સેક્રેટરી |

## નાણાંકિય વ્યવસ્થા :-

હાટ સ્થાપવા માટે રૂ.૨૦.૦૦ લાખનું ખર્ચ રાજય સરકાર તરફથી મૂડી ખર્ચ પેટે પ્રથમ તબકકે આપવામાં આવશે. આમ, છતાં તેમાં ખૂટતું ખર્ચ સંસ્થા/ટ્રસ્ટે કરવાનું રહેશે. ત્યારબાદ નિભાવણી/મરામત ખર્ચ જેતે ટ્રસ્ટ/સેવાભાવી સંસ્થાએ ભોગવવાનું રહેશે. જયારે રોજબરોજના સંચાલનનું ખર્ચ આવકના સ્તોત્રોમાંથી સંચાલન કરનાર ટ્રસ્ટ/ સેવાભાવી સંસ્થાએ ઉભું કરવાનું રહેશે. જેમાં નહી-નફો-નહી નૂકશાનના ધોરણે સંચાલન કરવાનું રહેશે. હાઇ-વે-હાટ માટે જે સંસ્થા/ટ્રસ્ટ જમીન વિના મૂલ્યે પૂરી પાડશે તેવી સંસ્થા/ટ્રસ્ટનું નામ હાઇ-વે-હાટના નામાભિકરણમાં જોડી શકાશે. ઉપરાંત રૂ.૨/૦૦ લાખનું દાન આપનાર વ્યકિત/સંસ્થા કે ટ્રસ્ટનું નામ ડોરમેટરીના નામાભિકરણમાં જોડી શકાશે. જે વ્યકિત/સંસ્થા કે ટ્રસ્ટ મૂલાકાતીઓ માટે ઠંડા પાણીના કૂલર મૂકી પાણી પીવડાવવાની વ્યવસ્થા તથા દેખરેખ માટે તૈયારી બતાવે તેમનું નામ જે તે પરબ સાથે જોડી શકાશે.

## માલીકી :-

હાટની જમીન તથા માલ મિલકત અંગેની માલીકી/ભોગવટો ૯૯ વર્ષના પટે કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગ, ગુજરાત રાજય, ગાંધીનગરને કરવા દેવાનો રહેશે. જયારે ઇન્ડેક્ષ્ટ-સી નોડલ એજન્સી તરીકે કામ કરશે.

સંચાલન :-

હાટમાં મેનેજર, હિસાબનીશ, કલાર્ક, સફાઇકામદાર, સિકયોરીટી વિગેરેની જરૂરીયાત મુજબના મહેકમની નિમણૂંક સંચાલન કરનાર સંસ્થાએ સ્વવિવેકથી કરવાની રહેશે અને તે અંગેનું ખર્ચ તેમજ અન્ય આવર્તક ખર્ચ ટ્રસ્ટ કે સેવાભાવી સંસ્થાએ આવકના સ્ત્રોત્રોમાંથી ઉભું કરી, કરવાનું રહેશે. રાજય સરકાર તરફથી આ અંગે કોઇ સહાય મળી શકશે નહીં. હાટના સ્થળે કુટીર અને ગ્રામોધોગની પ્રવૃત્તિ અથવા ગેરકાયદેસર અથવા ખાનગી પ્રવૃત્તિ ચલાવવામાં ન આવે તેમજ પ્રતિબંધિત વસ્તુઓનું વેચાણ ન થાય તેમજ સરકારની નીતિ વિરૂદ્ધ કોઇ કાર્યવાહી ન થાય તે જે તે સંસ્થા/ટ્રસ્ટે જોવાનું રહેશે. હાટના **કેમ્પસમાં બીજા કોઇ તરફ**થી દાન મેળવીને કોઇ મિલ્કત ઉભી કરી શકાશે નહીં. સંચાલનનો સમય સવારે ૧૦-૦૦ થી સાંજના ૭-૦૦ વાગ્યા સુધીનો રહેશે. જેમાં રવિવાર સિવાય એક અઠવાડીક રજાની જોગવાઇ કરવાની રહેશે. જાહેર રજાના દિવસે તથા વાર-તહેવારે જરૂરિયાત મુજબનો સમય સંચાલન માટે રાખી શકાશે.

હાટની કામગીરીનો પ્રગતિ લેખિત અહેવાલ પ્રતિમાસે તેમજ વર્ષાન્તે કમિશ્નર, કુટીર અને ગ્રામોધોગ, ગુજરાત રાજય, ગાંધીનગરને, તેમજ કાર્યવાહક નિયામક, ઇન્ડેક્ષ્ટ-સી-ગાંધીનગરને મોકલવાનો રહેશે.

મેનેજર પાસે સુચન, મૂલાકાતીઓની નોંધ બુક તથા ફરીયાદપોથી ઉપલબ્ધ કરાવવાની રહેશે. મુલાકાતીઓ સાથે બિન જવાબદાર ભર્યું વર્તન ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

# હાઈ-વે-હાટ ટીપીકલ ડિઝાઈન

## ( યોજનાનો અંદાજીત ખર્ચમાં ઉલ્લેખ કર્યા અનુસાર)

